## વાવોલના જુના પશુ દવાખાના પાસેના

# રેલવે ફાટક નજીક સર્જાયું મીની ડમ્પીંગ યાર્ડ...!!

### સેક્ટર-૫ તથા વાવોલ નજીકની સોસાયટીઓના રહિશોના સ્વાસ્થ્ય પર તોળાઈ રહેલો ગંભીર ખતરો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર અને વાવોલ વચ્ચે રેલવે લાઈન હદનું કામ કરે છે અને વાવોલના જુના પશુ દવાખાના પાસેના રેલવે ફાટકે ગંદકીના ઢગ વધી રહ્યાં છે જે એક મીની ડમ્પીંગ યાર્ડ બનવા તરફ આગળ વધી રહ્યું છે. આ કારણે આ વિસ્તારની નજીકના સેક્ટર-૫ના રહિશોથી માંડીને ફાટકની બીજી તરફ વાવોલની ભૂમિ પાર્ક, હરિનગર વગેરે જેવી રહેણાંક સોસાયટીઓ સહિતના વસાહતીઓના માથે પણ સ્વાસ્થ્ય પર જોખમ તોળાઈ રહ્યું છે.

વાવોલના જુના પશુ દવાખાના પાસેના રેલવે ફાટકે છેલ્લાં કેટલાક સમયથી સતત ગંદકી વધવાની સમસ્યા વકરી રહી છે. પશુ દવાખાનું બંધ થઈ ગયું હોવાથી તેમજ આસપાસમાં માત્ર ખેતરો હોવાથી આ વિસ્તાર નજીકની સોસાયટીઓના રહિશો માટે મીની ડમ્પીંગ યાર્ડની ગરજ સારી રહ્યું છે અને નાગરિકો અહી પોતાનો કચરો ફેંકી ગંદકી વધારી રહ્યાં છે. ખાસ કરીને સાડા દસથી ૧૨ વાગ્યા દરમિયાન અહીં પોતાના ઘરની ડસ્ટબીનો લઈને ખાલી કરવા આવતા રહિશો જોવા મળી રહ્યાં છે. ધીમે ધીમે કરતાં અહીં સતત વધી રહેલા કચરાને કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાવાનું શરૂ થઈ ગયું છે અને આસપાસની રહેણાંક સોસાયટીઓના રહિશોના સ્વાસ્થ્ય પર ખતરો વધતો જઈ રહ્યો છે. આગામી ચોમાસાની ઋતુ અને પ્રવર્તમાન કોરોના મહામારીના સમયમાં જો અહીં સત્વરે પગલાં લેવામાં નહીં આવે તો ભયંકર રોગચાળો ફેલાવાની શક્યતા જણાઈ રહી છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આવેલી વિવિધ કચેરીઓમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન થતું હોવાની વાત એ નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાો પછી બફારો વધતાં ઈલે. ઉપકરણોનો ઉપયોગ પણ વધવા પામ્યો છે.
- રાજ્યસભાની ચૂંટણીને લઈ ગાંધીનગરમાં ખાનગી ગૃપ બેઠકોનો સિલસિલો શરૂ થયો છે.
- રાજયમાં નવેમ્બર - ડિસેમ્બરમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગે રાજય ચૂંટણીપંચે ધીમી ગતિએ કામગીરી હાથ ધરી છે.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની પેટા-ચૂંટણીઓ સ્થગિત કરાઈ છે તે યોજવા અંગે એકાદ સપ્તાહમાં નિર્ણય લેવાય તેવા સંકેતો મળી રહ્યા છે.
- ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાની ઉપસ્થિતિમાં આજે યોજનાર વર્ચ્યુલ રેલી હાલ મુલ્તવી રાખવામાં આવી હોવાની જાહેરાત કરાઈ છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તુ જરાય ચિંતા કરીશ નહીં... એ સામા પક્ષમાં જઉ છું ત્યાં બધા આપણાં જ છે... ખાલી નામ બદલાશે...

# ગુજરાત કોવિડ-૧૯ એપ વ્યકિતગત આઝાદી અવરોધે છે

ગાંધીનગર, તા.૬

આંતર રાજય કે આંતર જિલ્લા મુસાફરી કરનાર અને કવોરન્ટીન કરેલા નાગરિકોને ફરજિયાતપણે દર કલાકે ગુજરાત કોવિડ-૧૯ એપ પર હાજરી પુરાવવી પડે છે. આ બાબત વ્યકિતગત આઝાદી અવરોધતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

આંતર રાજય/આંતર જીલ્લા મુસાફરી કરનાર સ્વસ્થ તથા કોવિદ - ૧૯ કોઈ લક્ષણો ન ધરાવનારને ૧૪ દીવસ સુધી કવારંટાઈન કરવામાં આવે છે. એ સમયે આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાત કોવિદ - ૧૯ ટ્રેકર એપ ડાઉનલોડ કરી દર કલાકે લોકેશન સેર કરી દીવસમાં બે વાર, સવારે ૧૦ વાગ્યે અને રાત્રે ૯ વાગ્યે સેલ્ફી સાથે સ્વાસ્થ્ય સંબધી રીપોર્ટ મોકલવા ફરજ પાડવામાં આવે છે તથા પ્રસ્તૂત એપમાં આમ ન કરો તો હોસ્પિટલમાં દાખલ કરી દેવાની ધમકી આપવામાં આવે છે. આ બાબત ભારતના બંધારણે ભારતના નાગરીકોને બક્ષેલા મૂળભૂત અધિકારીના ભંગ સમાન છે તથા ભારતીય નાગરીકના અંગત જીવનમાં બિનજરૂરી હસ્તક્ષેપ છે. જામીન પર છૂટેલા આક્ષેપીત કે પેરોલ પર છૂટેલા ગુનેગાર માટે પણ આવી અપમાન જનક જોગવાઈ નથી તો ક્વોરન્ટાઈનમાં રહેલા સ્વસ્થ નાગરિકો માટે શા માટે? જેલમાં જેલર કેદીઓની દીવસમાં બે વાર હાજરી લે છે તેવું જ થયું.

આ ખૂબ જ અપમાનજનક બાબત છે જે બંધ થવી જોઈએ.૧૮૯૭ ના મહામારીનો કાયદો તથા તેના વખોતોવખતના સંશોધનોમાં પણ આવી જોગવાઈ નથી.૧૯૭૫ની કટોકટી દરમ્યાન પણ સામાન્ય નાગરીકને આવી ફરજ પાડવામાં આવતી ન હતી ઉપરાંત આઝાદી પછી પ્રસ્તૂત કાયદાનો ભૂતકાળમાં વિવિધ રોગચાળા વખતે ઉપયોગ થયો છે પરંતૂ હાલમાં જે આપખૂદ રીતે થાય છે એ રીતે નહી. આ ગુજરાત કોવિદ - ૧૯ ટ્રેકર એપની આંતર રાષ્ટ્રીય મીડીયામાં જાણ થાય તો પોતાને દુનિયાની સૌથી મોટી લોકશાહી ગણાવતા ભારતની કેવી છાપ પડે. આવી આપખૂદશાહી સરમુખત્યારશાહી કે ચીન જેવા સામ્યવાદી દિવસ દેશમાં જ જોવા મળે. ભારત જેવા લોકશાહી દેશમાં એ નહી શોભે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આવી બિન લોકશાહી એપનો ઉપયોગ કરતાં પહેલાં કાયદા વિભાગનો પરામર્સ કર્યો હશે ખરો? નાની બાબતો માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમા પી.આઈ.એલ.કરનારા ને પણ આવી બિનલોકશાહી જોગવાઈ ધ્યાનમાં નથી આવતી?

## વી. એસ. હોસ્પિટલ સત્વરે ચાલુ કરવા માટેની કોંગ્રેસની રજૂઆત

વીએસ હોસ્પિટલ ચાલુ કરવા અંગે હાઈકોર્ટે તાજેતરમાં વી.એસ. હોસ્પિટલ શરૂ કરવા અંગે આપેલ નિર્દેશ સંદર્ભે કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે હાઈકોર્ટ રજિસ્ટારને પત્ર લખી ૨૪ કલાકમાં વી.એસ. હોસ્પિટલ પૂર્વવત શરૂ થઈ શકે તેમ છે તેવી રજુઆત કરી હતી. કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટારને પત્ર લખી જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશ મુજબ કોર્પોરેશને શક્યતાઓ ચકાસી વી.એસ. હોસ્પિટલને જીવંત કરવા હુકમ કરેલ છે જે સંદર્ભે વિસ્તૃત સૂચન જણાવી રહ્યો છું. અમદાવાદ નગરજનોના સ્વાસ્થ્ય માટે વી.એસ. હોસ્પિટલ પૂર્ણ ક્ષમતાથી ચાલુ કરવી. વી.એસ. તમામ પ્રકારની સુવિધા અને ઈન્ફ્રાસ્ટ્રકચર હોવા છતાં સામાન્ય ઓપીડી ચલાવવામાં આવી રહી છે.

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

૮ થી ૧૦ વર્ષના અનુભવી

એકાઉન્ટન્ટ

ટેલી જાણકાર

મો. ૯૩૨૮૦ ૪૪૭૮૮

## રેવન્યુ કાયદાના ભીષ્મ પિતામહ વૈકુંઠભાઈનું નિધન

વૈકુંઠભાઈ કાલીદાસ ત્રિવેદીનો જન્મ હાલના સિંધ પાકિસ્તાનમાં આવેલ થરપાકરમાં ૭-૩-૧૯૨૯ના રોજ થયો હતો. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે ઊંટ પર બેસી પાકિસ્તાન છોડી ભારત આવ્યા હતા. તેમના મામાથી પ્રભાવિત થઈ વકીલ બનવાનું નક્કી કર્યુ. પહેલા પાલનપુર ત્યારબાદ અમદાવાદમાં બોર્ડીંગમાં રહી અભ્યા સાથે સાથે કારકુનની નોકરી કરતા. ખૂબ જ તકલીફ વેઠીને ભણતરની સાથે નોકરી કરતા હતા.



ગાંધીનગરમાં હરિયાળી ખૂબ જ છે તેની જાળવણી પણ વનવિભાગ દ્વારા ખૂબ જ મહેનતથી કરવામાં આવે છે. ઘ-૫ના બગીચામાં વધી ગયેલી બોગનવેલને વનવિભાગના કર્મચારીઓ ખૂબ જ કાળજીપૂર્વક કટ કરી રહ્યા છે અને બગીચાને સુંદર બનાવી રહ્યા છે.

# કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સોમવારથી ધાર્મિક સ્થળો શરૂ કરાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં મંદિરો, મસ્જીદ, ચર્ચ, દેરાસર, ગુરૂદ્વારા ઉપાશ્રય સહિતના ધર્મસ્થાનકો ભારત સરકારની ગાઇડલાઇન મુજબ તેમજ કેટલાક નિયમોને આધિન રહીને દર્શનાર્થીઓ માટે ફરી ખૂલ્લા મૂકવા અંગેની વિશદ ચર્ચા-પરામર્શ માટે એક મહત્વપૂર્ણ વિડીયો કોન્ફરન્સ બેઠક યોજી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના ધર્મસ્થાનકો-મંદિર-મસ્જીદ વગેરે કોરોના વાયરસના વ્યાપ વધારતા પ્લેસીસ ન બને તેની સતર્કતા સૌએ રાખવી પડશે તેવો સ્પષ્ટ મત દર્શાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયના મોટા તીર્થયાત્રા સ્થાનોમાં રજીસ્ટ્રેશન કાઉન્ટર શરૂ કરીને યાત્રાળુઓને દર્શન માટેના નિશ્ચિત સમયના ટોકન આપી ફાળવેલ સમય પ્રમાણે જ દર્શનનો લાભ આપવાની વ્યવસ્થા ગોઠવાય તો ભીડભાડ અટકાવી શકાશે અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમો પણ જળવાશે.

જે સંસ્થાઓ સંપ્રદાયોના મંદિરો, દેરાસરો, ઉપાશ્રયો રાજ્યમાં મોટી સંખ્યામાં છે ત્યાં દર્શન વગેરેમાં એકસૂત્રતા જળવાય સાથોસાથ ગાઇડ લાઇન્સના નિયમોનું પાલન થાય તે માટે આવી સંસ્થાઓ સ્વયં વ્યવસ્થાઓ બનાવે, આ હેતુસર સ્થાનિક વહિવટીતંત્ર સાથે સંકલન માટે પણ તેમણે સૂચવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના દેવસ્થાનો-શ્રદ્ધા આસ્થા કેન્દ્રો માત્ર દર્શનના હેતુસર પૂનઃ ખોલવામાં આવી રહ્યા છે. કોઇ મોટા ધાર્મિક મેળાવડા કે ઉત્સવો કોરોના વાયરસ સંક્રમણની પ્રવર્તમાન સ્થિતીમાં હજુ પણ એક-બે માસ નહિ યોજવાની તેમણે અપિલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ધર્મસ્થાનકોમાં દર્શનાર્થીઓ વચ્ચે ૬ ફૂટનું અંતર રાખવા, પ્રસાદ કે પવિત્ર જલ વિતરણ-છંટકાવ ન કરવા, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા તેમજ દરેક દર્શાનાર્થી માસ્કનો ફરજિયાત ઉપયોગ કરે, મંદિરમાં સેનેટાઇઝની વ્યવસ્થાનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ વિડીયો કોન્ફરન્સ બેઠકમાં અમદાવાદ મ્છઁજીના સ્વામી શ્રી બ્રહ્મવિહારીજી, અમદાવાદ જગન્નાથ મંદિરના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઇ જહા, કાલુપુર મંદિરના સ્વામી શ્રી શાસ્ત્રી નિરગુણદાસજી, ખેડાના વડતાલના સ્વામી શ્રી સંત સ્વામી, ભાવનગર પાલિતણાના ટ્રસ્ટી શ્રી શ્રીપાલભાઇ, ગાંધીનગરના મહૂડી મંદિરના ટ્રસ્ટી શ્રી રાજેશભાઇ, ગીર-સોમનાથના સોમનાથ મંદિરના ટ્રસ્ટી શ્રી ચાવડા, પંચમહાલના પાવાગઢ મંદિરના ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રકાકા, ખેડાના સંતારામજી મંદિરના મહરાજ શ્રી રામદાસજી મહારાજ, ડાકોર મંદિરના મેનેજર શ્રી અરવિંદભાઇ મહેતા, જુનાગઢના જુના અખાડાના તનસુખગીરીબાપુ, રાજકોટના વીરપુર મંદિરના શ્રી રઘુરામ બાપા તેમજ બનાસકાંઠાના અંબાજી મંદિર અને દેવભૂમિ દ્વારકાના દ્વારકા મંદિરના ટ્રસ્ટીઓ વગેરેએ કેટલાક સૂચનો કર્યા હતા. આ સૌએ ભારત સરકાર-રાજ્ય સરાકરની ગાઇડલાઇનના નિયમોનું પાલન કરવાની ખાતરી આપી હતી.



## ચિલોડા સી.આર.પી.એફ. દ્વારા ૨૦ કીટનું વિતરણ કરાયું

કોરોના નોવેલ કોવિડ-૧૯ વાયરસને અટકાવવા માટે ઉપયોગી સામગ્રીની ૨૦ કીટ લેકાવાડા સ્થિત સી.આર.પી.એફ. અધિકારી દ્વારા ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે કીટમાં ડેટોલ સાબુ, હેન્ડ વૉશ, નીલ સાબુ, ફ્લોર ક્લીયર, માસ્ક, ડેટોલ પાઉડર બેગનો સમાવેશ થાય છે. આ કીટ વિતરણમાં ગામની નિરાધાર વિધવા મહિલાઓને રૂબરૂ બોલાવી અધિકારી, ગામના અગ્રણી, ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી, પંચાયત સદસ્ય નટુભાઈ પટેલના હસ્તે વિતરણ કરાવમાં આવ્યું હતું.

આપણી સ્વસ્થતા, એ જ રાષ્ટ્રની સમર્થતા

આહાર-વિહાર અને ખાન-પાનની સાથે આરોગ્યનું પણ ધ્યાન રાખીએ...



અનલોક-૧ દરમિયાન હોટેલ, રેસ્ટોરન્ટ કે ફૂડ કોર્ટમાં જતી વખતે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સૂચિત આટલી તકેદારી અવશ્ય રાખીએ...







- ફૂડ કોર્ટ, રેસ્ટોરન્ટ્સ અને ડાઇનિંગ હોલમાં બેઠક ક્ષમતાના વધુમાં વધુ ૫૦ ટકા ગ્રાહકોને જ એક સાથે એક સમયે પ્રવેશ આપવો
- સ્વરૂચિ ભોજન(બુફેટ) વ્યવસ્થાના બદલે ગ્રાહકોને જગ્યા પર જ ભોજન પીરસાય તેવી વ્યવસ્થા કરવી. કપડાંનાં નેપકીનના બદલે ડિસ્પોઝેબલ પેપરનો ઉપયોગ કરવો
- ગ્રાહકો ભોજનનું પાર્સલ તેમના ઘરે લઈ જાય અથવા હોમ ડિલિવરીનો વિકલ્પ આપીને ઘરના દરવાજા પાસે પાર્સલની સુવિધા મેળવે તેવી સંપર્કરહિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપી શકાય
- હોટેલમાં રોકાણ માટે આવતા અતિથિઓની ટ્રાવેલ હિસ્ટ્રી સહિતની વિગતો નોંધી, તેમના સામાનને ડિસઇન્ફેક્ટ કરાયા બાદ જ રૂમમાં મોકલવો
- શક્ય હોય, ત્યાં સુધી હોટેલ્સમાં ચેકઇન અને ચેકઆઉટ વખતે કોન્ટેક્ટલેસ વ્યવસ્થા ગોઠવીને કાર્ડ અથવા ડિજિટલ પેમેન્ટનો આગ્રહ રાખવો જોઈએ

આ ઉપરાંત, હોટેલ-રેસ્ટોરન્ટ્સના પરિસરને નિયમિત સેનિટાઇઝ અને ડિસઇન્ફેક્ટ કરતાં રહેવું અને કોવિડ-૧૯ અંગે માહિતી આપતાં પોસ્ટર્સ અથવા સ્ટેન્ડી મૂકીને મુલાકાતીઓમાં જાગૃતિ ફેલાવી શકાય

હોટલ-રેસ્ટોરન્ટમાં જતી વખતે 'બે ગજ' જેટલું અંતર જાળવીને સોશ્યલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય